# પાંથાવાડામાં સ્થાનિકોએ રસ્તો રોકી ટ્રાફિક જામ કર્યું !





દાંતીવાડા, તા.૩

આજ રોજ ડીસા તાલુકાના કુચાવાડા ગામ જોડે આવલ રણજીત તોલ પ્લાઝાનો વિવાદ રસ્તાઓ રોકવા સુધી આવી પહોંચ્યો છે અને આજ રોજ કેટલાય વાહન ચાલકો આ રસ્તા રોકો આંદોલનનો ભોગ બની કલાકો સુધી અટવાયા હતા. આ સમગ્ર બાબતની વાત એવી છે કે આ ટોલ પ્લાઝાને સેફ ૨૦૧૧માં ઉભું કરવામાં આવ્યું છે અને ત્યારથી લઈ આજ દિન સુધી આ પ્લાઝા વિવાદોમાં જ જોવા મળ્યું છે અને વિવાદો એ પ્રકારના છે એક તો ટોલ પ્લાઝાને સરકારના જાહેરનામાનો ભંગ કરી બીજી જગ્યાએ ઉભું કરાયું છે તો બીજી બાજુ આ પ્લાઝા એક બે કિમીના અંતરની મુસાફરી કરતા સ્થાનિકોને પણ બક્ષતું નથી અને ટેક્ષ વસુલે છે. જેમાં ટ્રેકટર પણ નથી છોડવામાં આવતા આમ અનેક આવી રજુઆતોએ પણ આ ટોલ પ્લાઝા સ્થાનિકોને ટેક્ષ બાબતે બક્ષવા નથી માંગતુ અને નથી મળતો ન્યાય. ઉપરી અધિકારીઓને રજુઆતો કરવા છતાં. સ્થાનિક લોકોએ આ ટેક્ષથી બચવા આજરોજ કોંગ્રેસ એમએલએ જોઈતાભાઈ પટેલની આગેવાની તળે તેમજ તાલુકાના અનેક રાજકારણીઓની ઉપસ્થિતિએ પાંથાવાડા ત્રણ રસ્તા પર રસ્તા વચ્ચે બેસી જઈ રસ્તો રોકયો હતો. આ રસ્તા પર અસંખ્ય ગાડીઓનો ખડકલો થવા પામ્યો હતો. સમગ્ર વાતની જાણ બનાસકાંઠા કલેકટરને થતા ઘટના સ્થળે દાંતીવાડા મામલતદારને મોકલાયા હતા. જેમાં પરિસ્થિતિઓને જોઈ મામલતદાર દ્વારા ટેલીફોનથી કલેકટર સાહેબને વાકેફ કરાયા હતા. જેના પગલે કલેકટર સાહેબે આ વાતે સ્થાનિકોને સોમવાર સુધી મફતમાં જવા દેવા જણાવ્યું હતું અને સત્વરે પોલીસ તેમજ આગેવાનોએ રસ્તા પર બેઠેલ લોકોને ભારે જહેમતે સમજાવી કલાકો બાદ રસ્તાને ખુલ્લો કરાવ્યો હતો. આમ હવે જોવું રહ્યું આ પ્લાઝાના વિવાદનો અંત આવે છે કે પછી ફરી લોકો રોષે ભરાશે એ તો હવે આવતા મંગળવારે જ જણાશે?



બનાસકાંઠાના શિહોરી તેમજ અન્ય ગ્રામ્ય અને અંતરીયાળ વિસ્તારમાં હજુ પણ મોટા પ્રમાણમાં બસ સુવિધાનો અભાવ જોવા મળે જ છે, પરંતુ વર્ષો પહેલા બનાવેલ બસ મથકો પણ જર્જરીત અને વૃદ્ધ થઈ ગયા છે. તેમ છતાં સ્થાનિક માર્ગ મકાન વિભાગ દ્વારા આ ખખસ્તાહાલ બસસ્ટેશન સામે જોવાનો પણ સમય નથી ત્યારે વિકાસશીલ અને ગતિશીલ ગુજરાતમાં આજે પણ બનાસકાંઠાનું પાદરડી ગામનું આ દશ્ય વિકાસની ચાડી ખાય છે. (તસવીર : આશારામ રાવલ, શિહોરી)

## ગુજરાતની બાર જિલ્લા પંચાયતોમાં ભગવો લહેરાયો

ગાંધીનગર, તા.૩

ગુજરાતની વિવિધ જિલ્લા પંચાયતોમાં પ્રમુખ અને ઉપપ્રમુખ તરીકે ભજપના સભ્યોની વરણી થતાં ચોતરફ ભગવો લહેરયો છે. પ્રદેશ મિડીયા સેલની યાદી જણાવે છે કે નવા રચાયેલા ૭ અને જુની ૫ જિલ્લા પંચાયતો એમ કુલ ૧૨ જિલ્લા પંચાયતો પૈકી ૭ જિલ્લા પંચાયતોમાં પ્રમુખ અને ઉપપ્રમુખ તરીકે ભાજપના સભ્યો ચુંટાયા છે. જયારે સાબરકાંઠા, જુનાગઢ અને રાજકોટમાં ફક્ત પ્રમુખની જ વરણી કરવાની હતી ત્યાં પણ ભાજપના સભ્યો પ્રમુખ તરીકે ચુંટાયા છે. તેમજ જામનગર અને વડોદરામાં ફક્ત ઉપપ્રમુખની વરણી કરવાની હતી ત્યાં ભાજપના સભ્યો ચૂંટાયા છે. આમ તમામ ૧૨ જિલ્લા પંચાયતોમાં પ્રમુખ અને ઉપપ્રમુખની વરણીમાં ભાજપના સભ્યો ચૂંટાયા છે.

મોરબી જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે કેશવજીભાઈ રૈયાણી અને ઉપપ્રમુખ તરીકે ભાવનાબેન વાઘેલા, બોટાદ જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે મીનાબેન રાણપુરા, ઉપપ્રમુખ તરીકે પરશોત્તમભાઈ કાલીયા, છોટા ઉદેપુર જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે રશ્મિકાંતભાઈ ચંદુભાઈ વસાવા, શ્રીમતી ગીતાબેન રાઠવા, મહીસાગરમાં પ્રમુખ તરીકે દિનેશભાઈ પટેલ, ઉપપ્રમુખ તરીકે દક્ષાબેન ભેમાત, અરવલ્લીમાં પ્રમુખ તરીકે નેહાબેન પટેલ અને ઉપપ્રમુખ તરીકે હીરાજી ડામોર, સાબરકાંઠામાં પ્રમુખ તરીકે શાંતાબેન મનુભાઈ પટેલ, જુનાગઢમાં પ્રમુખ તરીકે શાંતાબેન દિનેશભાઈ ખટારીયા, જામનગરમાં ઉપપ્રમુખ તરીકે પ્રતીક્ષાબા જાડેજા વડોદરામાં ઉપપ્રમુખ તરીકે મહેન્દ્રભાઈ સુખાભાઈ તડવી, રાજકોટમાં પ્રમુખ તરીકે કંચનભાઈ મુકેશભાઈ બગડા, દેવભૂમિ દ્વારકામાં પ્રમુખ તરીકે ચંદ્રસિંહ પબુભા માણેક અને ઉપપ્રમુખ તરીકે શ્રીમતી હીરાબેન નકુમ અને ગીર-સોમનાથ જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે હરીભાઈ સોલંકી અને ઉપપ્રમુખ તરીકે રકુબેન અમીરભાઈ કામડીયાની વરણી કરવામાં આવી છે.

### વડીલોને વંદન
### અભિનંદન



કાનજીભાઈ આર. પટેલ
(૧૯૪૨)



શાહ વિનોદચંદ્ર મણીલાલ
(૧૯૩૬)ફોન:૨૩૨૨૫૦૧૦

## સોમવારે લિમ્બચ માતાજીના મંદિરે કેલેન્ડરનું વિમોચન

ગુજરાત નાયી-વાળંદ સમાજના પ્રેરણા પ્રગતિ મંડળ દ્વારા ગાંધીનગરના સે. ૧૩ ખાતે આવેલ લિમ્બચ માતાજીના મંદિરે તા. ૫મી જાન્યુઆરી, સોમવારે સાંજે ૪.૦૦ વાગે લિમ્બચ માતાજીના ફોટાવાળા કેલેન્ડરનો વિમોચન સમારોહ યોજવામાં આવ્યો છે. આ કેલેન્ડરમાં ગુજરાતમાં વિવિધ શહેરોમાં આવેલા લિમ્બચ માતાજીના મંદિરોના ફોટાનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ દિવસે પૂનમ હોવાથી સાંજે ૫.૦૦ વાગે મહાઆરતી અને મહાપ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું છે.

## જગતપુરાની યુવતીએ ઝેરી દવા ગટગટાવી લેતા મોત

તલોદ તાલુકાના જગતપુરા ગામની પરણિતાએ અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી લેતા તેણીનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું. પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. તલોદ તાલુકાના જગતપુરા ગામમાં જિતેન્દ્રસિંહ સોલંકી તેમની પત્ની કિસ્મતબેન સહિત પરિવાર સાથે રહે છે. દરમિયાન આજે કિસ્મતબેને અગમ્ય કારણોસર પોતાના જ ઘરમાં ઝેરી દવા ગટગટાવી લીધી હતી. અચાનક જ ગળાથી પેટ સુધી જોરદાર બળતરા ઉપડતા મહિલાએ બુમાબુમ મચાવી હતી. આથી પરિવારજનો દોડી આવ્યા હતા અને જોતા મહિલા બેભાન હાલતમાં જમીન પર ઢળી પડી હતી. પરિણામે તાબડતોબ પરિવારજનો તેણીને સારવાર અર્થે દવાખાને લઈ ગયા હતા જયાં મહિલાનું સારવાર દરમિયાન કરૂણ મોત નિપજયું હતું. આ સંદર્ભે તલોદ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### કવાયત આરંભાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કર રાહતો આપવી અને કયા સેકટરમાં કેટલા વેરાઓ નાંખવા એ અંગેનો નિર્ણય લેવામાં આવશે.

પ્રાપ્ત વિગતો મુજબ રાજયની આવકમાં સારો એવો વધારો થયો છે. ખાસ કરીને રાજયની વેટની આવકમાં વધારો સૌથ વધુ જોવા મળી રહ્યો છે. આમ રાજય સરકાર રાજયની આર્થિક સ્થિતિને વધુ સંગીન બનાવવા અને આવકમાં વધારો કરવા માટે રાહતો સાથે કેટલાક વેરાઓ પ્રજા પર નાંખે તેવી પૂરી શકયતાઓ સેવાઈ રહી છે.

## આજે માણસા ખાતે નિઃશુલ્ક ચામડીના રોગોનો નિદાન કેમ્પ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર તાલુકાના માણસા ખાતે આવેલ આનંદીમાના વડલા વાનપ્રસ્થાશ્રમ ખાતે દર મહિનાના પહેલા રવિવારે નિઃશુલ્ક ચામડીના રોગોનો નિદાન કેમ્પ યોજવામાં આવે છે. જાન્યુઆરી માસના પ્રથમ રવિવારે તા. ૪થી જાન્યુઆરીએ આ કેમ્પ બપોરે ૨ થી ૬ વાગ્યા દરમિયાન યોજાશે. આ કેમ્પમાં સારવાર લેવા ઈચ્છતા દર્દીઓએ સ્થળ પર નામ નોંધાવવાના રહેશે. આ નિદાન કેમ્પમાં અમદાવાદના ચામડી, ગુપ્ત રોગો, રકતપિત્તો, કોસ્મેટિક સર્જરી અને ડર્મેટો સર્જરીના નિષ્ણાત ડૉ. ગૌરવ બી. પટેલ સેવાઓ આપશે.

## જાહેર નિવિદા

### આંગણવાડી કાર્યકર/તેડાગરની ભરતી બાબત

સંકલિત બાળ વિકાસ યોજના, ગાંધીનગર ઘટક-૧,૨ માં નીચે જણાવેલ ગામોના આંગણવાડી કેન્દ્રોમાં કાર્યકર અને તેડાગરની ખાલી પડેલ જગ્યા માટે બહેનોની ભરતી કરવાની થાય છે.

**કાર્યકરની ખાલી જગ્યા :- ગાંધીનગર ઘટક-૧**

**(૧) વાવોલ -૪**

**તેડાગરની ખાલી જગ્યા :- ગાંધીનગર ઘટક-૧**

**(૧) જી.ઈ.બી.-૧ (૨) સેક્ટર-૨૦ (૩) ઉવારસદ-૭**

આગામી છ માસમાં ખાલી પડનાર કાર્યકર અને તેડાગરની જગ્યાઓ ગાંધીનગર ઘટક-૧માં આંગણવાડી કાર્યકર-ગાંધીનગર ઘટક-૧ નથી.

**આંગણવાડી તેડાગર :- ગાંધીનગર ઘટક-૧**

**(૧) દંતાલી-૨ (૨) રૂપાલ-૧**

**આંગણવાડી કાર્યકરની ખાલી જગ્યા :- ગાંધીનગર ઘટક-૨**

**(૧) કુડાસણ-૩ (ભરવાડના છાપરા)**

**આંગણવાડી તેડાગરની ખાલી :- ગાંધીનગર ઘટક-૨**

**(૧) સુઘડ-૧ (૨) રાદેસણ-૧ (૩) પ્રાંતિયા-૧**

આગામી છ માસમાં ખાલી પડનાર કાર્યકર અને તેડાગરની જગ્યા ઘટક-૨માં

**આંગણવાડી કાર્યકર :- ગાંધીનગર ઘટક-૨ નથી**

**આંગણવાડી તેડાગર :- ગાંધીનગર ઘટક-૨**

**(૧) નાના ચિલોડા-૬ (૨) છાલા-૨ (૩) અમિયાપુર-૨**

**શૈક્ષણિક લાયકાતો અને શરતો :-**

(૧) આંગણવાડી કાર્યકર માટે ઓછામાં ઓછુ ધોરણ ૧૦ અને આંગણવાડી તેડાગર માટે ધોરણ ૭ પાસ શૈક્ષણિક લાયકાત આધાર રૂપે તમામ લાયકાતની માર્કશીટની પ્રમાણિક નકલ ફરજિયાત બિડવાની રહેશે.
(૨) ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ.(જાહેરાતની તારીખે)
(૩) મહિલા ઉમેદવાર પરણીત અને ગામના સ્થાનિક હોવા જોઈએ (રેશનકાર્ડની નકલ ચૂંટણીકાર્ડની નકલ અને તલાટી કમ મંત્રીશ્રીનો દાખલો રજૂ કરવો)
(૪) જન્મતારીખના પુરાવા માટે શાળા છોડયાનું પ્રમાણપત્રની પ્રમાણીત નકલ અને શૈક્ષણિક લાયકાતની તમામ માર્કશીટની પ્રમાણીત નકલ અરજી સાથે સામેલ કરવાની રહેશે.
(૫) લગ્ન નોંધણીનું પ્રમાણિત કરેલ પ્રમાણપત્રની નકલ અરજી સાથે સામેલ કરવાની રહેશે.
(૬) આંગણવાડી કેન્દ્ર જે ગામ કે શહેરના ફળીયા, પરા, વોડમાં આવેલ હોય તેની હદમાં વસવાટ કરતા સ્થાનિક ઉમેદવારે એજ અરજી કરવાની રહેશે.
(૭) આંગણવાડી કેન્દ્રમાં નિમણુંક મેળવનાર કાર્યકર/તેડાગરને સરકારશ્રીના વખતોવખત નિયમઅનુસાર માસિક માનદવેતન મળવાપાત્ર રહેશે.
(૮) અરજદારે ઉમેદવારી કચેરીના નોટીસ બોર્ડ ઉપર લગાવેલ નમુનાના ફોર્મમાં અરજી કરવાની રહેશે.
(૯) અધુરી વિગત સાથે આવેલ અને સમય મર્યાદા બહાર આવેલ અરજીઓ રદ ગણવામાં આવશે.
(૧૦) અરજીમાં જાહેરાતમાં જણાવ્યા મુજબની પ્રમાણપત્રની પ્રમાણિક કરેલ નકલો બિડવાની રહેશે. ત્યારબાદ પાછળથી કોઈપણ સર્ટી/પ્રમાણપત્ર અરજીમાં લેવામાં આવશે નહી.
(૧૧) પસંદગી અંગેના અધિકારો પસંદગી સમિતિ પાસે અબાધિત રહેશે.પસંદગી સમિતિનો નિર્ણય આખરી ગણાશે તે અંગે કોઈ વાંધો કે તકરાર કરી શકાશે નહી.

જાહેરાતની તારીખ અગાઉ કરેલ અરજીઓ રદ ગણાશે. જાહેરાત વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૨૦માં સાધનિક કાગળો સાથે અરજી રજીસ્ટર પોસ્ટ એ.ડી.થી મોકલવાની રહેશે.

નોંધઃ- સાદી ટપાલ, કુરીયર, સ્પીડ પોસ્ટથી કે રૂબરૂમાં આપેલ અરજીઓ સ્વીકારવામાં આવશે નહી.

**સહી**
**બાળ વિકાસ યોજના અધિકારી**
**આઈ.સી.ડી.એસ.શાખા, ઘટક-૧**
**એમ.એસ.બિલ્ડીંગ ત્રીજો માળ,**
**બી બ્લોક, સેક્ટર-૧૧,**
**ગાંધીનગર.**

**સહી**
**બાળ વિકાસ યોજના અધિકારી**
**આઈ.સી.ડી.એસ.શાખા, ઘટક-૨**
**એમ.એસ.બિલ્ડીંગ ત્રીજો માળ,**
**બી બ્લોક, સેક્ટર-૧૧,**
**ગાંધીનગર.**

**સહી**
**પ્રાંત અધિકારી,**
**ગાંધીનગર**

માહિતી /૨૧૦૮/૨૦૧૪-૧૫

## શબ્દાવલી - ૫૬૦૭

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ■ | ૩ | ૪ | | ૫ |
| ૬ | | ■ | ૭ | | | ■ | |
| | ■ | ૮ | | | ■ | ૯ | |
| ■ | ૧૦ | | | ■ | ૧૧ | | ■ |
| ૧૨ | | | ■ | ૧૩ | | | |
| | ■ | ૧૪ | | ■ | ૧૫ | | ■ |
| ૧૬ | ૧૭ | | ■ | ૧૮ | ■ | ૧૯ | ૨૦ |
| ૨૧ | | ■ | ૨૨ | | | | |

### આડી ચાવી

૧. બારણું (૩)
૩. બોલવામાં કુશળ, વાચાળ(૪)
૬. સંકલ્પ-વિકલ્પ કરનાર ઇન્દ્રિય (૨)
૭. નવું ફૂટતું પાંદડું (૩)
૮. પોપચા, આંખોના... (૩)
૯. સ્ટીમ લેવી તે, ... લેવો(૨)
૧૦. પાણી ગરમ થતાં તેનું વાયુ રૂપે થતું રૂપાંતર (૩)
૧૧. પક્ષી, પંખી (૨)
૧૨. રોકાણ કરવા થતાં તેનું વાયુ રૂપે થતું રૂપાંતર (૩)
૧૩. રોકાણ કરવા છાવણી જેવું બનાવવું કે... નાખવો (૩)
૧૪. રાવણ... નો રાજા હતો(૨)
૧૫. ચોરની મા કોઠીમાં મોં નાખી... (૨)
૧૬. તાસક, ડીસ, કપ... (૩)
૧૯. લપળુ, ચીટકું (૨)
૨૧. લાગવગ, ઓળખાણ (૨)
૨૨. રાક્ષસ (૩)

### ઊભી ચાવી

૧. પંકજ, એક ફુલ (૩)
૨. સન્માન (૨)
૩. ચાલાક હોવું તે (૩)
૪. શક્તિ, તાકાત (૨)
૫. કપાસીયાનું ઝાડ (૩)
૭. કાનનું એક ઘરેણું (૩)
૮. બીજાના પર આધારીત હોવું (૫)
૯. ખાવાનું મીઠું પાન આ વેલનું હોય છે (૫)
૧૦. મુખ્ય, એક વાનગી (૨)
૧૧. ટ્રક, લોડીંગ વાહન (૩)
૧૨. પગથી ચાલવાનો થતો અવાજ (૪)
૧૭. કાગડો, ... નું બેસવું ને ડાળનું પડવું (કહેવત) (૨)
૧૮. એક પ્રકારની ધાતુ (૨)
૨૦. પરંતુ, કિન્તુ (૨)

### શબ્દાવલી ૫૬૦૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) આંટીઘુંટી (૪) લાયક (૬) ઘમસાણ (૮) રીવેટ (૧૧) કર (૧૨) સાહિત્યકાર (૧૬) કકળાટ (૧૭) સમર્પણ (૧૯) પોલાણ (૨૨) આભારવિધિ

**ઊભી ચાવી :-** (૧) આંતરીક (૨) ઘુંઘટ (૩) ટીમ (૪) લાણ (૫) કઢી (૭) સામુહિક (૯) વેર (૧૦) ઉકાળા (૧૭) સપો (૧૮) મલાઇ (૨૦) સભા (૨૧) કવિ

## નિવિદા

(૧) ગુજરાત સાહિત્ય અકાદમીના સ્ટાફકાર નં- જીજે-૧૮-૬૦૪ એમ્બેસેડર મોડલ-૧૯૯૭ની હરાજી માટે તા.૧૨/૧/૨૦૧૫ના પૂર્વે મળે તે રીતે ભાવપત્રકો મંગવાવમાં આવે છે.
(૨) સંસ્થા/માલિકે હરાજીમાં ભાગ લેવા માટે રૂા.૧૦૦૦/-નો ચેક/ડ્રાફ્ટ, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના નામનો આપવાનો રહેશે.
(૩) સ્ટાફકારની હરાજી અંગેની બોલીઓ અને શરતો અંગેની નકલ કચેરી ખાતેથી મેળવવાની રહેશ. હરાજી તા.૧૯/૦૧/૨૦૧૫
(૪) સ્ટાફકારની રૂબરૂમાં જોવા માટે સંસ્થા/માલિકે કચેરીના કામકાજ દરમિયાન ૧૧.૦૦ થી ૧૩.૦૦ દરમ્યાન, બીજો-ચોથો શનિવાર, રવિવાર અને જાહેર રજાઓ સિવાય કચેરીનો સંપર્ક કરવો.
(૫) તા.૧૨/૦૧/૨૦૧૫ પછીથી મળેલ ભાવપત્રકને ધ્યાને લેવામાં આવશે નહી.

**ગુજરાત સાહિત્ય અકાદમી**
**અભિલેખાગાર ભવન,**
**સેક્ટર નં-૧૭, ગાંધીનગર**

## જાહેરાત

કામધેનુ યુનિવર્સિટી ખાતે ફર્નિચર ખરીદવાનું થાય છે. આ અંગે રસ ધરાવતી પાર્ટી / એજન્સીઓએ નીચે જણાવેલ સરનામેથી નિયત નમુનાના ટેન્ડર ફોર્મ મેળવી લેવાના રહેશે તથા તે ભરીને તા.૦૯/૦૧/૨૦૧૫ સુધીમાં પરત કરવાના રહેશે. સમયમર્યાદા બાદ આવેલ ફોર્મને ધ્યાનમાં લેવાશે નહિ.

-ઃ સરનામું ઃ-

**કામધેનુ યુનિવર્સિટી**
**૪ થો માળ, બી-વીંગ, બ્લોક નં.૧, કર્મયોગી ભવન,**
**નિર્માણ ભવન પાછળ, સેક્ટર-૧૦, ગાંધીનગર.**

માહિતી/૨૧૦૯/૨૦૧૪-૧૫

## ટુંકી જાહેર નિવિદા નં.૬ સને ૨૦૧૪-૨૦૧૫

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના પેટા વિભાગ નં.૧૦, પાટનગર યોજના ભવન સેકટર.૧૬, પ્રથમમાળ ગાંધીનગર (ટેલીફોન નં.૨૩૨૫૯૧૬૮)ની કચેરીએથી અંદાજીત કિંમત રૂા.ર.૬૯ લાખ થી રૂા.ર.૮૪ લાખ સુધીની રકમના કુલ-૨(બે) કામો માટે સીલબંધ ટેન્ડરો મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તા.૯-૧-૨૦૧૫ રહેશે અને ભરેલા ટેન્ડર રજી.પો.એડી/સ્પીડ પોસ્ટથી પરત સ્વીકારવાની છેલ્લી તા.૧૭-૧-૨૦૧૫ છે. શકય હશે તો ભરાઈને મેળવેલ ટેન્ડર તા.૧૯-૧-૨૦૧૫ના રોજ ૪.૦૦ કલાકે ઈજારદારશ્રીની હાજરીમાં ખોલવામાં આવશે.

આ કામની વિગતવાર નિવિદા તથા ટેન્ડર માંગવાની અરજી સાથે જોડવાના દસ્તાવેજોની યાદી આ કચેરીના નોટીસ બોર્ડ ઉપર જરૂર જણાયે કચેરીના કામકાજના દિવસો દરમ્યાન રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે.

**માહિતી/૨૧૧૧/૨૦૧૪-૧૫**

## ટચૂકડી જાહેર ખબર

### યોગ દ્વારા દરેક રોગની સારવાર

તનની તંદુરસ્તી, મનની શાંતિ, આધ્યાત્મિક ઉન્નતિ તેમજ ક્લાસને શિબિર માટે મળો.
૨૧ વર્ષના અનુભવી યોગ શિક્ષક હર્ષા જોષી
**મો. ૯૬૦૧૨ ૮૩૯૮૬**

### મકાન જોઈએ છે

ગાંધીનગરમાં મોટા ત્રણ બેડરૂમ, હોલ, કિચન, સ્વતંત્ર ખુલ્લી જગ્યા સાથે મકાન અથવા ગ્રાઉન્ડ ફ્લોર ફ્લેટ
**મો. ૯૯૨૪૩ ૫૫૩૫૯**

### વાઘેલા ક્લિનિંગ

સોફા સેટ-૫ સીટ ૧ સીટ ફ્રી શેમ્પુ ● પાણીના ટાંકી નાની ત્રણ ૧ ફ્રી કલીનીંગ ● ટોયલેટ-બાથરૂમ કિચન સાથે ૧ ફ્રી ક્લિનીંગ ● દરેક પ્રકારના ક્લિનીંગ કામ માટે પૂછપરછ કરવી. શરતોને આધીન
**૯૮૨૪૯ ૫૯૦૧૫**

### જોઈએ છે
### રસોઈયા બેન

ગાંધીનગર જિલ્લાના માણસા પાસે પ્રતાપનગરમાં, મકાખાડ સ્ટેશન, ત્યાં રહીને રસોઈ બનાવવા બાઈ. રહેવા - જમવાનું અને યોગ્ય પગાર.
**૯૯૨૪૩ ૫૫૩૫૯**

### વેચાણ આપવાનો છે.

૧૭૦ વારનો પ્લોટ
વેચાણ આપવાનો છે.
સેક્ટર-૨૭, ગાંધીનગર
**મો. : ૯૮૯૮૩૪૩૯૬૯**

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad C. PVC, UPVC
BENELAVE BATH FITTINGS
DR. FIXIT FOR HEALTHY CONSTRUCTION
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI

**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ**

# જગદીશ સ્ટીલ સ્ટોર્સ

**પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.**
**ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬**

**શાખા :** સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ